ક્રમાંક:અરજ/૨૦૦૬/સીએમ-આરટીઆઈ-૧૦૬/આરટીઆઈ સેલ.

સામાન્ય વહીવટ વિભાગ,
સીચવાલય, ગાંધીનગર.
તા.૦૮-૦૨-૨૦૦૭.

**પ્રતિ,**
અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી,
સચિવાલયના તમામ વહીવટી વિભાગો.

**વિષય :- નૂરી મીડિયા લી. તથા અન્ય તરફથી આર.ટી.આઈ. એકટ / રૂલ્સ મુજબની અરજીઓ ન હોય ત્યારે હાથ ધરવાની કાર્યપધ્ધતિ બાબત..**

માનનીયશ્રી,

સરકારશ્રીના ધ્યાન ઉપર આવ્યું છે કે, નવી દિલ્હી સ્થિત નૂરી મીડિયા લી. તરફથી મોટા પ્રમાણમાં લોકોની જુદા જુદા પ્રકારની અરજીઓ ભેગી કરી આર.ટી.આઈ. કાયદા હેઠળ રાજય સરકારને મોકલી આપવામાં આવે છે. આ સંસ્થા તરફથી આ રીતે જે અરજીઓ મળે છે તે જોતાં તથા પ્રસંગોપાત કેટલાક અન્ય અરજદારો/સંસ્થાઓ તરફથી પણ જે અરજીઓ મળે છે તે જોતાં નીચેની બાબતો જણાઈ આવે છે :

(૧) અરજદારોની અરજીઓ જે મોકલી આપવામાં આવે છે તેમાં કોઈ ચોકકસ માહિતી માંગવાને બદલે જે તે અરજદારના પ્રશ્નો / મુશ્કેલીઓ દૂર કરવાની દાદ માંગવામાં આવી હોય છે. આવી રજૂઆત અરજદારો નૂરી મીડિયા લી.ને કરતા હોય છે પરંતુ, નૂરી મીડિયા લી. તરફથી આર.ટી.આઈ. નીચે કાર્યવાહી કરવા સારું આવી અરજીઓ અત્રે મોકલી આપવામાં આવે છે.

(૨) કેટલીક અરજીઓ રજૂઆતોમાં ફરિયાદીની અગાઉની રજૂઆતો પરત્વે ઝડપી કાર્યવાહી કરવા માટે વિનંતી / અનુરોધ કરવામાં આવે છે.

(૩) અરજી સાથે રૂ.૧૦/- અથવા રૂ.૨૦/- રોકડમાં (currency સ્વરૂપે) બીડવામાં આવે છે.

૨. ઉપરોક્ત હકીકતે નૂરી મીડિયા લી. કે અન્યો તરફથી કાયદા / નિયમો અનુસારની ન હોય તેવી (અપૂર્ણ) અરજીઓ મોકલવામાં આવે ત્યારે જે તે સંબંધિત જાહેર માહિતી અધિકારીએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહે.

(૧) અરજદારે તેની અરજીમાં કોઈ ચોક્કસ કેસ અંગેની કોઈ ચોક્કસ વિગતો / માહિતી માંગવાનો નિર્દેશ કરેલ છે કે નહિ તે પ્રથમ સુનિશ્ચિત કરી લેવું. જો રજૂઆતમાં કોઈ ચોક્કસ માહિતી માંગવામાં આવી ન હોય અને માત્ર અગાઉની રજૂઆત પરત્વે ઝડપી કાર્યવાહી કરવા / તેનો નિકાલ કરવા માટેનો અનુરોધ કરવામાં આવ્યો હોય તો આવી બાબત માહિતી મેળવવાના અધિકારના વ્યાપમાં (માહિતીની વ્યાખ્યામાં) આવતી ન હોઈ, તે મુજબની જાણ જે તે સંબંધિત અરજદારને સીધી રીતે કરવી.

(૨) અરજી સાથે મોકલવાની થતી ફી નિયમ-(૫) પ્રમાણે જો કોઈ અરજદાર રોકડમાં ભરવા ઈચ્છતા હોય તો તે અરજદાર / સંસ્થાના પ્રતિનિધિએ જે તે માહિતી અધિકારીની કચેરીમાં જઈ, રોકડેથી રૂ.૨૦/-ની કાયદેસરની ફી ભરી તે અંગેની રસીદ મેળવી તે અરજી સાથે રજૂ કરી શકે છે. પરંતુ, currency note/coin સ્વરૂપે રોકડમાં જે રૂ.૨૦/- મોકલવામાં આવે છે તે કાયદાકીય રીતે યોગ્ય ગણાય નહિ.

આથી જે તે જાહેર સત્તામંડળને જો આવી પ્રથમવારની અરજી મળે તો રૂ.૨૦/- પરત નહિ કરતા તે કચેરીની હિસાબી શાખામાં જમા કરાવીને રૂ.૨૦/-ની પહોંચ બનાવી તે કેસ સાથે રાખવામાં આવે અને અરજદાર / સંસ્થાને જણાવવામાં આવે કે, હવે પછીના તેઓની અરજીમાં અરજી ફી જો currency note / coin સ્વરૂપે મોકલશે તો તે નિયમ પ્રમાણે valid mode of payment ન

હોઈ, આવી રકમ જપ્ત કરી સરકારી તિજોરીમાં જમા કરવામાં આવશે અને આવી અરજી પરત્વે કોઈ કાર્યવાહી નહિ કરતા દફતરે કરવામાં આવશે.

(૩) નૂરી મીડિયા લી. કે અન્ય સંસ્થાઓ તરફથી કોઈ અરજદારની અરજી forward કરવામાં આવી હોય અને આવી અરજીમાં જો અરજદાર કોઈ ચોકકસ કેસની કોઈ ચોકકસ માહિતી માંગતા હોય તો તે આપવા / નહિ આપવા અંગેનો નિર્ણય સંબંધિત જાહેર માહિતી અધિકારીએ કાયદાની જોગવાઈઓ ધ્યાને લઈને કરવાનો રહેશે. આવા સંજોગોમાં સંબંધિત જાહેર માહિતી અધિકારીએ જે કોઈ પત્રવ્યવહાર કરવાનો થતો હોય તે સંબંધિત અરજદાર સાથે જ કરવાનો રહેશે.

૩. ઉકત બાબત આપના વહીવટી નિયંત્રણ નીચેના સર્વે જાહેર સત્તામંડળો / સર્વે જાહેર માહિતી અધિકારી / સર્વે એપેલેટ ઓથોરીટીના ધ્યાને લાવવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(સી.એસ.ઉપાધ્યાય)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ.

**નકલ રવાના :-**

- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ.